ડરાજકોટના મહે.જયુડી. મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોટમાં

ફો. કે. નં. ૧૫૦૨૨/૨૦૨૦

શ્રી સરકાર ..................... ફરીયાદી.

વિરુધ્ધ

મહંમદ સોએલ નબીમીયા ખાનવાલા, રહે. કાલુપુર, અમદાવાદ.
.......................આરોપી.

ગુનો : જુગાર ધારા કલમ –૧૨ અન્વયે.

ફોજદારી કાયવાહી સંહીતાની કલમ–૨૫૨ મુજબ ઠરાવ.

(૧) ફરિયાદ પક્ષ ના કેસ મુજબ આકામ ના આરોપી તા. ૧૮/૦૯/૨૦૧૯ ના રોજ જાહેરમાં પૈસા વડે હાર જીતનો જુગાર રમી રમાડી રેઈડ દરમ્યાન પૈસા અને જુગાર સાહિત્ય સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ–૧૨ (અ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.પોલીસે ગુનો નોંધી તપાસ કરી આ કામે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ હાજર થતાં, આરોપીને પોલીસ પેપસની નકલો આપ્યા બાદ આરોપીએ પોતાને ગુનો કબુલ છે તેવુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છેં. આથી અદાલતે તેને ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને ગુનો કબુલ કરવાથી કાયદા મુજબ સજા થઈ શકે તે સમજાવેલ છે. ત્યાર બાદ પ્લી રેકડ કરતાં, તેમાં પણ પોતાને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.આથી કબુલત સ્વેચ્છાપુવકની હોવાની ખાત્રી કયા બાદ પુરસીસ રેકડ કરવામા આવી.અને ત્યાર બાદ આરોપીને સજા અંગે સાંભળવામા આવ્યા.

(૩)આરોપીએ ગુનાની કબુલત સ્વૈચ્છીક કરેલ છે તથા અદાલત સમક્ષ પસ્તાવો વ્યકત કરેલ છે. પોતાનો આ પ્રથમ ગુનો હોય, ભવિષ્યમા ગુનો નહી કરવાની ખાત્રી આપે છે તથા રહેમ રાખી હુકમ કરવા અરજ કરેલ છે. પોતે ગરીબ વગના અને કુટુંબની એકમાત્ર કમાનાર વ્યકિત હોવાની રજુઆત કરે છે. પોતાના અને કુટુંબના ભવિષ્યને લક્ષમા રાખી દયા રાખવા અને ગુનો માફ કરવા વિનંતી કરેલ છે.

(૪) આરોપીએ ગુનો કબુલ કરતા સજા થવી જોઈએ તેમ આ અદાલત માને છે, તેમજ સમાજના હીતમા પણ આરોપીને સજા કયા વિના માફ કરવા યોગ્ય નથી. પરંતુ આરોપીની રજુઆતો ધ્યાનમા લેતાં તેમજ પુરસીસ વંચાણે લેતા અને નામ. ગુજ. હાઈ.ના સ્ટેટ વિ. નટવર હરચંદજી ઠાકોર, રીપોટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. ૨૦૯ ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિદ્યાંત તથા સંજોગોને ધ્યાને લેતા ,આ કામમાં આરોપીને સુધરવાની તક આપી યોગ્ય સજા કરવી જોઈએ.તથા હાલના ગુનામા ઓછામા ઓછી સજા નિયત કરવામા આવેલ નથી.આથી ગુનાનોપ્રકાર,આરોપીની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ,ગુનાનો અહેસાસ માત્રથાય તેટલી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહેશે, તેમ આ અદાલત માને છે.

(૫)આરોપીઓ સામેનો ગુનાનો આરોપ,ગુનાનો પ્રકાર,આરોપીની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં અને આરોપી ગુનો કબુલ કરતા તકસીરવાન ઠરતા હોય,ન્યાયના હીતમા નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**હુકમ**

આરોપી મહંમદ સોએલ નબીમીંયા ખાનવાલા, રહે. સોદાગરની પોળ, ટાવર પાસે, અમદાવાદ.

ને જુગાર ધારા કલમ ૧૨ –(અ) અન્વયેના ગુના સબબ ફોજદારી કાયવાહી સંહિતાની કલમ –૨૫૨ હેઠળ તકસીરવાન ઠરાવવામા આવે છે.

ઉપરોકત આરોપીને કોટ ઉઠતાં સુધીની સજા તથા દરેકને રૂા. ૧૦૦/– અંકે રૂપિયા એક સો પૂરા ના દંડની સજા કરવામા આવે છે. દંડ ભરવામા કસુર કયે ૧ દિવસ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય પુરો થયા બાદ આ કામે કબજે કરેલ મુદામાલ સાહિત્યનો નાશ કરવા તથા રોકડ રકમ રૂપિયા સરકાર દાખલ કરવા હુકમ કરવામાં આવે છે.

આરોપીનાખત તથા જામીનખત રદ કરવામા આવે છે.

આજ ના ખુલ્લી/સ્પે. સીટીંગ અદાલતમા વાંચી સંભળાવી જાહેર કયો.

સ્થળ: અમદાવાદ.
તારીખ : ૦૮/૦૨/૨૦૨૦

એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૬, અમદાવાદ.